



## કાંકરેજ તાલુકાનુ આમલુન ગામ વિકાસથી વંચિત

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના કેટલાક ગામડાઓમાં વિકાસના નામે શુન્ય છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં પૂર્વ સરપંચ અને નવા ચૂંટાયેલા સરપંચોની હાડમારીમાં પ્રજાનો મરો થઈ રહ્યો છે. જો કે આ આંબલુન ગામમાં મુખ્ય રસ્તા ઉપર હરિજન વાસ આવેલ છે. ત્યાં ગટર ન હોવાથી સતત રોડ ઉપર પાણી ભરાતા ગંદકીનું સામ્રાજ્ય જોવા મળે છે. ત્યારે ગ્રામ પંચાયત તરફ જવા ડાબી સાઈડે મોટા પાણીના ૪ થી ૫ ફૂટ ઊંડા ખાડા પાણીથી ખદબદી રહ્યા છે. જેમાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધવા પામ્યો છે. ત્યારે આ તમામ બાબતોને ધ્યાને રાખી તાલુકા વિકાસ અધિકારી અને ગ્રામ પંચાયત આમલુન દ્વારા આવી ગંદકીનો નિકાલ કરાવે તે જરૂરી અન્યથા રોગચાળો ફાટી નિકળવાની પ્રબળ શક્યતાઓને નકારી શકાય નહિ. જો કે ગ્રામ પંચાયત દ્વારા જાહેરમાં પાણી કાઢનારો સામે નોટીસો પાઠવવાં પણ પરિણામ શુન્ય છે. ત્યારે જોવું એ રહ્યું કે આ બંને ટી.ડી.ઓ. કાંકરેજ શું કાર્યવાહિ કરે છે તે જોવું રહ્યું.

# શામળાજી કોલેજમાં પુરાતત્ત્વ શિબિર

શામળાજી, તા. ૨૨

હેમચંદ્રાચાર્ય ઉ.ગુ.યુનિ અને આર્ટ્સ કોલેજ શામળાજીના સંયુક્ત ઉપક્રમે આયોજિત પુરાતત્ત્વ ખોજ શિબિરના ઉદ્દઘાટનના તા.૨૧-૧૨ના દિવસે અરવલ્લી જિલ્લાના પ્રાંત અધિકારી ઈલાબેન આહીર ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ સરકાર તરફથી આ શિબિરને શુભકામનાઓ પાઠવી હતી.

પ્રારંભે પ્રાર્થના બાદ કૉલેજના આચાર્ય ડો. અજય પટેલે સહુનો પરિચય આપીને સ્વાગત કરતાં પુરાતન ભૂમિ પર આ પુરાતત્ત્વ ખોજ શિબિર યોજવાની પ્રાસંગિકતા દર્શાવી હતી. શિબિર સંચાલક ડો. મધુસૂદન વ્યાસે આ શિબિર કઈ કઈ રીતે છાત્રો માટે કારકીર્દી માટે મહત્વપૂર્ણ છે એ દર્શાવ્યું હતું. તેમજ મુખ્ય મહેમાન ડો. કિરણ દવેએ ઐતિહાસિક સહસંબંધ પુરાતત્વ વસ્તુવિષયક દર્શાવેલ. વધુમાં આ પ્રસંગે પાટણ યુનિ.ના શ્રીમતી સ્વેતાબેન પટેલે અતિથિ વિશેષરૂપે પ્રાસંગિક વક્તવ્ય આપેલ. ઉદઘાટક ડૉ. સુરેન્દ્ર વ્યાસે (આર્કિઓલોજીસ્ટ અને આર્કિટેક )એવા વિદ્વાને આ વિસ્તારનું પૌરાણિક-ભૌગોલિક માહાત્મ્ય રજૂ કરેલ તેમજ કોલેજ પરિવારને શિબિર યોજવા માટે અભિનંદન પાઠવેલ. ટ્રસ્ટી દિલીપભાઈ કટારાએ શુભકામના પાઠવી હતી. આ ક્ષણે ફૂલછાબના પત્રકાર ભરતભાઈ પરમાર ઉપસ્થિત રહેલ. બીજા સત્રમાં ડો. કિરણ દવે અને ડૉ. શૈલેષ તબિયાળે વક્તવ્યો આપેલ. તેમજ શામળાજીના



મ્યુઝિયમની સ્થળ પર મુલાકાત કરાવીને શિબિરાર્થીઓને વારસાનો પરિચય કરાવેલ. આ સત્રનું સંચાલન ડો. સમીર પટેલે અને આભાર દર્શન ડો. સંજય પંડ્યાએ કરેલ.

# મોડાસા નગરપાલિકાની ચૂંટણી માફક બમ્પર વોટિંગ કરાવવા નિષ્ફળ રહેતા મોડાસા બેઠક ભાજપે ગુમાવી

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ તેની ચર્ચા સમગ્ર જિલ્લાના ભાજપના હોદેદારો અને પાયાના કાર્યકરોમાં ચાલી રહી છે. ત્યારે મોડાસા વિધાનસભા બેઠક પણ ૨૦૧૨ની જેમ આ ચૂંટણીમાં પણ ભાજપા જીતી શક્યું નથી. જોકે કોંગ્રેસના ઉમેદવારની સરસાઈ ઘટી છે ત્યારે રાજકીય કાર્યકરો મોડાસાના પરિણામ વિશે ઝીણવટભર્યુ પોસ્ટમોર્ટમ કરી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીઓમાં ગત વખતનું પુનરાવર્તન જ થયું છે. તે પ્રમાણે મોડાસા, બાયડ અને ભિલોડા બેઠક પર કોંગ્રેસે વિજય મેળવ્યો છે. મોડાસા વિધાનસભા બેઠક પર ભાજપ સાથે સંકળાયેલ મોડાસા શહેરમાં મતદાન ઓછું થતા વિધાનસભા બેઠક ગુમાવવાનો વારો આવ્યો હતો.

આ વખતે મોડાસા બેઠક ભાજપ માટે મહત્વની હતી અને ઉમેદવાર સહીત કાર્યકરોએ પ્રચાર-પ્રસારમાં એડીચોટીનું જોર લગાવવા છતાં ભાજપ ફરીથી જીતી શક્યું નથી. કારણકે મોડાસા શહેરમાં ભાજપ તરફે કાર્યકરો બમ્પર વોટિંગ કરવામાં વામણા પુરવાર થયા છે. મોડાસા શહેરમાં નગર પાલિકાની ચૂંટણી માફક ભાજપ તરફે મતદાન કેમ થતું નથી એ સંશોધનનો વિષય છે. મોડાસા શહેરમાંથી કોંગ્રેસના ઉમેદવારને કોંગ્રેસ તરફી હિન્દૂ અને લઘુમતી સમાજના વોટ મળ્યા હતા. બીજીબાજુ ભાજપના ઉમેદવારને ભાજપ તરફી મતદારોની મતદાન માટેની નીરસતા નડી જતા વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર સહન કરવી પડી હોવાનું રાજકીય વિશ્લેષકો પાસેથી જાણવા મળ્યું હતું.

### શામળાજી નજીક ધંબોલીયા ગામે ઘર પર પેટ્રોલ છાંટી

# પરિવારને જીવતો ભૂંજવા હિચકારો હૂમલો

### અજાણ્યા ઈસમ દ્વારા કરાયેલ ઘાતકી હૂમલાથી ગામમાં ફફડાટ





અરવલ્લી, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દિવસેને દિવસે કથળતી હોય તેવા અનેક બનાવો બની રહ્યા છે. જાણે અસામાજિક તત્વોને કાયદાનો કોઈ ડર જ ના હોય તેવી સ્થિતિ ઠેર ઠેર જોવા મળી રહી છે. આવો જ એક બનાવ ભિલોડા તાલુકાના શામળાજી નજીક આવેલા ધંબોલીયા ગામે બન્યો હતો જેમાં કોઈ અજાણ્યા શખ્સે એક પરિવારના ઘર પર પેટ્રોલ છાંટી આગ લગાવી ફરાર થઈ જતા ચોપડાનો ભાગ સંપૂર્ણ આગમાં બળીને ખાખ થઈ ગયો હતો. અચાનક લાગેલી આગથી પરિવારજનો સફળ જાગી જતા સદનસીબે જાનહાની ટળી હતી. સમગ્ર ઘટનાની જાણ શામળાજી પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

શામળાજી નજીક આવેલા ધંબોલીયા ગામે રહેતા હરિચંદ્ર ગુલાબસિંહ બારડ પરિવાર સાથે રહે છે. ગુરુવારે રાત્રીએ પરિવારજનો ઘરમાં ગાઢ નિંદ્રામાં પોઢી રહ્યા હતા ત્યારે મધ્યરાત્રીએ અગમ્ય કારણોસર કોઈ અજાણ્યા શખ્સે તેમની ચોપડમાં ગેરકાયદેસર પ્રવેશ કરી હરિચંદ્ર સહીત તેમના પરિવારજનોને જીવતા સળગાવી દેવા માટે ચોપડમાં પેટ્રોલ છાંટી આગ લગાડી ફરાર થઈ ગયો હતો. ઘરની ચોપડમાં એકાએક ભયાનક લાગેલી આગથી પરિવારજનો સફાળા જાગી ઘર બહાર દોડી આવતા આબાદ બચાવ થયો હતો. ચોપડમાં લાગેલી આગને પરિવારજનો અને આજુબાજુથી દોડી આવેલા ગામ લોકોએ પાણીથી આગ પર કાબુ મેળવ્યો હતો. હરિચંદ્ર બારડના પરિવારજનોને જીવતા સળગાવી દેવાની ઘટના નાકામ રહી હતી. આ ઘટનાથી પરિવારજનો અને ગામ લોકો ફફડી ઉઠ્યા હતા. આ અંગે શામળાજી પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી સમગ્ર ઘટનાનું બારીકાઈથી નિરીક્ષણ હાથ ધરી શામળાજી પોલીસ હરિચંદ્ર બારડની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ઈ.પી.કો કલમ ૪૩૬, ૩૦૭, ૪૫૨ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અજાણ્યા ઈસમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# નવલપુરમાં પત્નિની હત્યા કરનાર પતિને આજીવન કેદ

### વર્ષ ૨૦૧૫માં પ્રાંતિજના ગેડ ગામના કોતરોમાં હત્યા કરી મૃતદેહ ફેંકી દીધો હતો

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગર તાલુકાના નવલપુર ગામની પરણિતાને વર્ષ ૨૦૧૫માં શારિરીક અને માનસિક ત્રાસ આપી ખુદ તેના પતિએ પત્નિને પ્રાંતિજ તાલુકાના ગેડ ગામના કોતરોમાં હત્યા કરી મૃતદેહ ફેંકી દીધો હતો. જે અંગેની ફરીયાદ તત્કાલિન સમયે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. જે અંગેનો કેસ બુધવારે હિંમતનગરની સ્પે. જજની કોર્ટમાં ચાલી જતા ન્યાયાધિશે હત્યારા પતિને આજીવન કેદની સજા અને રૂ. ૫૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકાના નવલપુર ગામના સલમાનભાઈ મહેબુબભાઈ ધ્રાંગા સાથે પ્રાંતિજ તાલુકાના લાલપુર ગામના મૌલાના ઝકરીયાભાઈ અકબરભાઈ ડોડીયા (મુસલમાન)ની પુત્રી નરસીનબાનુ સાથે વર્ષ ૨૦૧૫માં લગ્ન કરાયા હતા. જો કે લગ્નના અગાઉ સલમાનભાઈએ સાસરીયામાં જઈને એવુ કહ્યું હતું કે હુ બીએસએફમાં નોકરી કરૂ છુ જેથી મને રજાઓ મળતી નથી તેમ કહીને સગાઈ કર્યા બાદ ત્રણ માસમાં લગ્ન કરી લીધા હતા.

ત્યારબાદ છ મહિના સુધી દામ્પત્યજીવન સારૂ ચાલતુ હતુ. દરમ્યાન સલમાનભાઈ દ્વારા નરસીનબાનુને ઘરકામ બાબતે ઝઘડા કરી શારિરીક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ થયુ હતુ. જેથી નરસીનબાનુના પિતાએ હિંમતનર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ પણ નોંધાવી હતી. તેમ છતાં પોતાનો સંસાર બગડે નહી તેમ સમજી નરસીનબાનુ નવલપુર રહેતી હતી. બીજી તરફ ગત તા. ૩-૬-૨૦૧૫ના રોજ નરસીનબાનુને સલમાનભાઈ ધ્રાંગા સમજાવી પટાવી પ્રાંતિજ તાલુકાના ગેડ ગામની સીમમાં લઈ જઈ હત્યા કરી નાખી હતી. અને તેણીનો મૃતદેહ કોતરોમાં ફેંકી દીધો હતો. જે અંગે ઝકરીયાભાઈ ડોડીયાએ સલમાનભાઈ વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

જે અંગેનો કેસ બુધવારે હિંમતનગરના સ્પે. જજ અને જિલ્લા ન્યાયાધિશ કૈલાસ બુધેલાલ ગુજરાથીની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ વસંતભાઈ મહેતાની દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખી ન્યાયાધિશે સલમાનભાઈ ધ્રાંગાને આજીવન કેદની સજા ફટકારી હતી. તથા રૂ. ૫૦૦૦નો દંડ ભરવા આદેશ કર્યો હતો. જો તેઓ દંડ ભરવામાં કસુર કરે તો વધુ એક માસની કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો.

# બી.વી.એમ. ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓનું વૉલીબોલ રમતમાં ઝળહળતુ પ્રદર્શન



વલ્લભવિદ્યાનગર, તા. ૨૨

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત એ.ડી.આઈ.ટી. કોલેજ ખાતે ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીની ઝોનલ તથા ઈન્ટરઝોનલ વૉલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઝોનલની ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. તેમાં બી.વી.એમ. કોલેજની ટીમે ઉત્કૃષ્ટ દેખાવ કરીને વિજય મેળવ્યો હતો અને સમગ્ર ઝોનલમાં વિજેતા અને ઈન્ટરઝોનલમાં ઉપવિજેતાનું સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. આ ઉપરાંત બી.વી.એમ. કોલેજના પ્રોડ્ક્શન ઈજનેરીના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી દીપ પારેખ અને કમ્પ્યુટર ઈજનેરીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી હાર્દિક પર્લીએ ઓલ ઈન્ડીયા સિલેક્શનમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. ઈન્દ્રજિત એ. પટેલે વૉલીબોલ ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને સર્વાંગી વિકાસ માટે મહત્વની જાણકારી ટીમને આપી હતી સાથે સાથે કોલેજના પ્રોફેસર એન.જી. મિશ્રા (સ્પોર્ટસ કન્વીનર), જતન પટેલ (જી.એસ.), મેઘા પટેલ (એલ.આર.) તથા બંને સ્પોર્ટસ સેક્રેટરી અને સમગ્ર બી.વી.એમ. પરિવારે ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# હિંમતનગરના ગીરધરનગરમાં કિરાણા સ્ટોર્સમાંથી ૯૨ હજારની મત્તા ચોરાઈ

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગરના ગીરધરનગર વિસ્તારમાં આવેલ એક કિરાણા સ્ટોર્સમાંથી મંગળવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરીને કાઉન્ટરના ડ્રોઅરમાં મુકેલ રૂ. ૯૨ હજારની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ બુધવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે સંજયભાઈ શ્રીચન્દ્રભાઈ હોતવાણીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગીરધરનગર વિસ્તારમાં ઉપકાર હોસ્પિટલની સામે આવેલા તેમના સંજય કિરાણા સ્ટોર્સમાં મંગળવારે રાત્રે અજાણ્યા શખ્સોએ બંધ દુકાનનું તાળુ તોડી અંદર પ્રવેશી કાઉન્ટરના ડ્રોઅરમાંથી રૂ. ૯૨ હજારની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે બુધવારે સંજયભાઈને ખબર પડતા તરત જ તેમણે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જઈને અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

# ખેડબ્રહ્મા બાર એસો.ના હોદ્દેદારો




ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા બાર એસોશીએશનની ચૂંટણી યોજાઈ. પ્રમુખ ઉપપ્રમુખ બે બે ફોર્મ ભરાયા હતા. મંત્રી તરીકે જસુભાઈ પંચાલની બીન હરીફ વરણી થઈ છે.

વોરા વિરલ કુમાર કિર્તકુમાર, ગુર્જર બાબુભાઈ, અને ઉપ પ્રમુખ માટે સુથાર જગદિશભાઈ, જીતેન્દ્રભાઈ પરમાર વચ્ચે ખરાખરીનો જંગ હતો ત્યારે પ્રમુખપદે બાબુભાઈને ૧૦ વોટ તથા વિરલભાઈ વોરાને ૩૧ વોટની જંગી બહુમતીથી ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે તથા ૨ વોટ ફેલ થયા છે ત્યારે તથા ઉપ પ્રમુખ પદે જીતેન્દ્રભાઈને ૨૦ વોટ મળ્યા હતા. તેમજ જગદિશભાઈ સુથાર ૨૩ વોટ મેળવી વિજય થયા છે.

પ્રમુખપદે વિરલ વોરા તથા ઉપ પ્રમુખ પદે જગદિશભાઈ સુથાર તેમજ મંત્રી તરીકે જસુભાઈ પંચાલની વરણી થવા બદલ ચૂંટણી અધિકારી આર.આર. જાની તેમજ બાર એસોસીએસન એ અભિનંદન આપ્યા હતા. ખજાનચી તરીકે મૃગેશ પટેલની બિન હરીફ વરણી કરવામાં આવી છે.

# કાંકરેજના પાદરડી ગામે સેવા આશ્રમ ગૌશાળાના લાભાર્થે કથા યોજાઈ



કાંકરેજ, તા. ૨૨

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના પાદરડિ સંતશ્રી સદારામ ગૌ સેવા ટ્રસ્ટ સંચાલીત સેવાઆશ્રમ ગૌશાળાના લાભાર્થે કથાનું આયોજન કરાયું છે. જે કથા સાત દિવસ સુધી ચાલશે અને દાતાઓ દ્વારા આપવામાં આવતુ દાન ગૌશાળામાં ગાયોના ઘાસ-ચારા માટે વાપરવામાં આવશે. ત્યારે તા. ૧૯-૧૨-૨૦૧૭ના રોજ શુભ ઉદ્ઘાટન કરી કથાનો શુભારંભ કરાયો હતો જેને આજે બીજા દિવસે સવારથી જ મોટી સંખ્યામાં શ્રોતાઓ ભક્તો કથા સાંભળવા આવ્યા હતા. જેમાં મંડપ તથા ડેકોરેશન માલિકોએ ફ્રિ સેવા આપતા તેમને ટ્રસ્ટના પ્રમુખ ઠાકોર બલાજી ભારતીજીએ આભાર વ્યક્ત કર્યો હતો. આ કથા વિદ્યુત બોર્ડની બાજુમાં શિહોરી-દિયોદર રોડ ઉપર પાદરડિ ખાતે રાખેલ છે. જેમાં શ્રોતાઓ ભક્તો અને દાનવીરોની દાન સરવણી શરૂ થઈ જવા પામી છે. આમ પાદરડિ ગામે કથાનું આયોજન કરાતા લોકોમાં ધર્મ પ્રત્યેની લાગણી સાથે ઉદાર હાથે દાન આપવા કથાનું રસપાન કરાવવા વંદનાબેન ગોસ્વામીએ અનુરોધ કર્યો હતો.

# પ્રાંતિજના વાઘરોટામાંથી બાઈક ચોરી થતાં પોલીસ ફરીયાદ

### રાત્રીનાં સમયે ઘર આગળ પાર્ક કરેલ બાઇક કોઇ ચોર ઈસમો ચોરી જતાં બાઇક માલિક દ્વારા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના વાઘરોટા ખાતે ઘર આગળથી પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા બાઈક ચોર બાઈક ચોરી લઈ જતા બાઈક માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના વાઘરોટા ખાતે રહેતાં ચિંતનકુમાર ભરતભાઈ પટેલના ઘર આગળ પાર્ક કરેલ પોતાનું યામાહા કંપનીનું બાઈક નંબર-જીજે.૯.સીટી.૭૨૨૯ જેની કિંમત - ૨૫૦૦૦ રાત્રીના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરીને લઈ જતા બાઈક માલિક પટેલ ચિંતનભાઈ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.